રાજ્ય સરકારના મંત્રીઓને ઉદ્દેશીને લખાયેલો

ખંભાળિયાના ચીફ ઓફિસરની બદલીની માગણી કરતા સ્ફોટક પત્રમાં પાંચ સભ્યોની 'નકલી' સહી?

બનાવટી સહીઓ અંગે સ્થાનિક નેતાગીરી અજાણ? ચોક્કસ લોબી સક્રિય... ભાજપનો આંતરિક ડખ્ખો સપાટી પર... ટૂંક સમયમાં નવાજુની... કડાકા ભડાકાના એંધાણ?

ખંભાળિયા તા. ૮: ખંભાળિયા નગરપાલિકા અનેક બાબતોમાં હંમેશાં કંઈક ને કંઈક વિવાદોમાં જ રહેતીહોય છે, ત્યારે તાજેતરમાં પાલિકાના વર્તમાન ચીફ ઓફિસરને બદલવા માટે પાલિકાના કારોબારી ચેરમેન સહિતના સદસ્યો દ્વારા જે પત્ર રાજ્યના શહેરી વિકાસ મંત્રીઓને લખાયેલ તેમાં પાલિકાનો લેટરપેડ તથા પાલિકાના જાવક નંબર ચડાવીને નાખ્યાનું બહાર આવતા આ પત્ર સ્ફોટક બન્યો છે, ત્યારે સહી કરાયેલ પૈકી પાંચ સદસ્યોની બનાવટી સહીઓ તેમને જાણ વગર થયાનું બહાર આવતા ભારે ચકચાર જાગી છે.

તા. ૧૭-૧૨-૨૦૨૫ નોજાવક નં. રેફ. નં. ૧૯૩૩ થી મંત્રી કનુભાઈ દેસાઈ તથા મંત્રી દર્શનાબેન વાઘેલાને લખેલા આ પત્રમાં કારોબારી ચેરમેન સહિત ૧૦ પાલિકાના સદસ્યોની સહીઓ સિક્કાઓ સાથે લખેલા આ પત્રમાં લખાયેલ કે ખંભાળિયા પાલિકાને ક વર્ગમાંથી અ વર્ગમાં કરાયેલ તથા ઘણાં વિસ્તારો પાલિકામાં ભળ્યા છે ત્યારે પાલિકાના ચીફ ઓફિસર તરીકે વર્ગ-૩ ના રાહુલ કરમૂરની નિયુક્તિ થઈ છે, જે નિયમિત રહેતા નથી તથા બીનઅનુભવી હોય, શહેરના વિકાસને માઠી અસર પહોંચી છે.

હાલ ૨૮ માંથી ૨૬ સદસ્યો ભાજપના પાલિકામાં છે પણ ચીફ ઓફિસરને કારણે કોંગ્રેસ, આપ પાર્ટી જેવા પક્ષોની દખલ પાલિકા વહીવટીમાં થાય છે, અને તાકીદે જો બદલી નહીં થાય તો આગામી પાલિકા ચૂંટણીમાં ભાજપની છબિ ખરડાય તેવી સ્થિતિ થશે, અને ચીફ ઓફિસર તરીકે અગાઉકામ કરી ગયેલ વર્ગ-૧ ના ચેતન ડુડિયાને મૂકવા માંગકરતો પત્ર લખેલ.

પાંચ સદસ્યોની બનાવટી સહીઓ

ખંભાળિયા નગરપાલિકા સદસ્યોના નામથી લખાયેલા આ લેટરમાં ન.પા.ના લેટરપેડમાં ૧૦ સદસ્યોની સહીઓ કરીને મોકલાઈ છે, જેમાં પાલિકા પ્રમુખ કે ઉપપ્રમુખ નથી તથા સદસ્યો પાલિકામાં ૨૬ભાજપના છે જેમાંથી ૧૦ ની સહીઓ કરીને મોકલાય પણ તેમાં પણ પાંચ સહીઓ ખોટી છે.

પાલિકા પૂર્વ ઉપપ્રમુખ જગુભાઈ રાયચુરા, પૂર્વ કારોબારી ચેરમેન હિનાબેન આચાર્ય, પૂર્વ શાસક નેતા દિલીપભાઈ ઘઘડા તથા હંસાબા ભીખુભા જાડેજા સહિત પાંચ સભ્યોએ સહીઓ કરી જ નથી કે આ પત્રની તેમને ખબર નથી, પણ પાલિકા સદસ્યો પૈકી કોઈને વર્તમાન ચીફ ઓફિસર નડતા હોય કે કંઈ ભાગબટાઈમાં વાંધા પડ્યા હોય આવી રીતે પાંચ સદસ્યોની ખોટી સહીઓ કરીને આવો પત્ર તે પણ પાલિકાના લેટર પેડ પર મોકલતા સ્થાનિક પાલિકા રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે તથા આ બાબતે પાલિકાના જે સદસ્યોની ખોટી સહીઓ થઈ છે તેમના દ્વારા પક્ષના સ્થાનિક હોદ્દેદારોને પણ ફરિયાદ કરાઈ છે.

સામાન્ય રીતે ભાજપ શિસ્તબદ્ધ પક્ષ હોય, પાલિકા કક્ષાની રજૂઆતમાં શહેર ભાજપ પ્રમુખ, પ્રભારી, જિલ્લા પ્રમુખ, ધારાસભ્ય, સાંસદને પણ જાણ કરીને પછી આગળ પત્ર લખાય તેના બદલે સીધો શહેરી વિકાસ મંત્રીને જ લખાયો સ્થાનિકને જાણ જ નથી. આ બાબતે શહેર ભાજપ પરમુખ પણ અજાણ છે.

લેટર પેડનો ઉપયોગ ગેરકાયદે ફરિયાદ થશે

પાલિકાના સદસ્યો તેમની ખોટી સહીઓ કરીને લખેલા આ પત્ર અંગે ફરિયાદ કરવાના છે, તો પાલિકા ચીફ ઓફિસર દ્વારા પણ ખોટી રીતે પાલિકાના લેટરપેડનો ઉપયોગ, નંબરનો ઉપયોગ થયો હોય, આ બાબતે પાલિકા તરફથી પણ ફરિયાદ થનાર છે.

પાલિકામાં ભાજપના ૨૮ માંથી ૨૬ ની તોતિંગ બહુમતી છે, પણ પાલિકાના સત્તાધારી જુથમાં જ સંકલનના હોય 'પ્રભારી' નામના જ હોય અને પાલિકામાં કંઈ કંટ્રોલ વગરની સ્થિતિ હોય, ૨૮ માંથી ૨૬ સદસ્યોવાળી આ પાલિકામાં આવી ભવાઈ જેવી સ્થિતિ ભારે ચર્ચાસ્પદ બની છે, તો કોંગ્રેસ-આપ પક્ષ જેવા ગેલમાં આવી તમાશો નિહાળી રહ્યા છે. શિસ્તબદ્ધ પક્ષની શિસ્તના લીરા ઊડાડવા જેવી ઘટના ચર્ચાસ્પદ બની છે અને ટૂંક સમયમાં નવાજુની થાય તેવા એંધાણ છે.

નગર બન્યુ ભ્રષ્ટાચારી કૌભાંડોનું ઓપી સેન્ટર ?

જામનગરમાં સી.એ. બિપીન ભંડેરીને ત્યાં સુરતની જીએસટી ટીમનો દરોડો: તપાસ ધમધમી

આ પહેલા પણ બે ચાર્ટર્ડ એકાઉટન્ટ જીએસટી વિભાગની ઝપટે ચડ્યા છે: સ્થાનિક કચેરીની કામગીરી શંકાના દાયરામાં

જામનગર તા. ૮: જામનગરમાં વધુ એક ચાર્ટર્ડ એકાઉટન્ટ (સીએ) ને ત્યાં જીએસટી વિભાગની ટીમે દરોડા પાડી ચેકીંગનો ધમધમાટ શરૂ કરતા ચર્ચા જાગી છે, તો બીજી તરફ સ્થાનિક કચેરીની કામગીરી પણ શંકાના દાયરામાં છે. અત્રે ઉલ્લેખનિય છે કે, અગાઉ પણ બે સીએ જીએસટી વિભાગની ઝપટે ચઢી ચૂક્યા છે.

જામનગરમાં રણજીતસાગર માર્ગે આવેલ સીએ બિપીન ભંડેરીની ઓફિસમાં પરમદિવસે સુરતની જીએસટીની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો, અને ફાઈલો, અનેક દસ્તાવેજો તપાસ્યા હતાં. બોગસ જીએસટી નંબરની આશંકાના પગલે આ તપાસણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આમ છેલ્લા કેટલાક સમયમાં જામનગરમાં જીએસટી વિભાગની ટીમો સમયાંતરે દરોડા પાડી રહી છે, એટલે કે જીએસટી કૌભાંડનું મુખ્ય કેન્દ્ર જામનગર હોવાનું જોવા મળી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, અગાઉ પણ જામનગર સાથે સંકળાયેલા બે સીએ અલ્પેશ પેઢડિયા અને કમલેશ રાઠોડ પણ જીએસટી વિભાગની હડફેટે ચઢ્યા હતાં. જે તે સમયે કરોડોનું બોગસ બિલીંગ કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું.

શિક્ષકો-વિદ્યાર્થીઓ દ્વારા દર્દીઓને માનસિક હૂંફ અપાશે:

જોડિયાની યુ.પી. વ્યાસ કન્યા વિદ્યાલયમાં 'ટીબી મુક્ત ભારત' અભિયાન અંતર્ગત સેમિનાર

જામનગર તા. ૮: પ્રધાનમંત્રીશ્રીના 'ટીબી મુક્ત ભારત' અભિયાનના આહ્વાનને પ્રતિસાદ આપતા, શેઠ કાકુભાઈ જીવણદાસ સ્ત્રી હુન્નર ઉદ્યોગશાળા-જોડિયા દ્વારા સંચાલિત શ્રીમતી યુ.પી. વ્યાસ કન્યા વિદ્યાલયમાં એનએસએસની વિદ્યાર્થિનીઓ માટે એક વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓને ટીબી રોગ વિશે જાગૃત કરવા અને દર્દીઓને સામાજિક તથા માનસિક ટેકો પૂરો પાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

સેમિનારમાં ધોરણ ૧૧ અને ૧૨ની ૯૦૨ી વધુ વિદ્યાર્થિનીઓને ટીબીના લક્ષણો, નિદાન અને સારવાર વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્ય નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ટીબી એ માયકોબેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસિસ નામના બેક્ટેરિયાથી ફેલાતો ચેપી રોગ છે, જે મુખ્યત્વે ફેફસાંને અસર કરે છે. જોકે યોગ્ય અને સતત સારવારથી આ રોગ સંપૂર્ણપણે મટી શકે છે. આ અભિયાન અંતર્ગત શાળાની ૭ વિદ્યાર્થિનીઓ અને ૪ શિક્ષકોએ સ્વૈચ્છિક રીતે 'નિ-ક્ષય મિત્ર' તરીકે જોડાઈને ટીબીના દર્દીઓને સાયકોલોજીકલ સપોર્ટ આપવા માટેની પ્રેરણાદાયી પહેલ કરી હતી.

ટીબીની સારવાર લાંબી હોવાથી દર્દીને માનસિક સહિયારાની ખાસ જરૂર હોય છે, જે ભૂમિકા હવે આ નવયુવાન નિ-ક્ષય મિત્રો ભજવશે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નુપુર પ્રસાદ અને જિલ્લા ક્ષય અધિકારી ડો.પંકજકુમાર સિંઘના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.સંજય સોમૈયાની દેખરેખ હેઠળ જિલ્લા એસ.બી.સી.સી. ચિરાગ પરમાર, ટીબી સુપરવાઈઝર નિકુંજભાઈ પાગડાર અને આરોગ્ય કર્મચારી મનીષભાઈ દ્વારા મહત્ત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યા કિષ્ણાબા ચુડાસમા તથા શિક્ષક ગણે જહેમત ઉઠાવી હતી.

જામનગરમાં પધારેલા

લોહાણા મહાપરિષદના પ્રમુખ સતિષભાઈ વિઠ્ઠલાણીનું રઘુવંશી અગ્રણીઓ દ્વારા સન્માન

જામનગર તા. ૮: પચ્ચીસ લાખથી પણ વધારે સંખ્યા ધરાવતી લોહાણા મહાપરિષદના નેજા હેઠળ જામનગર લોહાણા મહાજનના ઉપક્રમે લોહાણા મહાજન વાડીમાં યોજાયેલા "લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ" માં લોહાણા સ્ટાર્ટઅપ અને એમ.એસ.એમ.ઈ. મીટ કાર્યક્રમમાં લોહાણા મહાપરિષદના પ્રમુખ સતિષભાઈ વિઠ્ઠલાણીનું લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ જીતુભાઈ લાલ, જીતુભાઈ ઠક્કર, અગ્રણી ઉદ્યોગપતિ અશોકભાઈ લાલ, જામનગર લોહાણા મહાજનના પ્રમુખ ભરતભાઈ મોદી, ઉપપ્રમુખ ચેતનભાઈ માધવાણી વિગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં રઘુવંશી સિનિયર સિટીઝન ગ્રુપના શશિકાન્ત મશરૂ, રમેશભાઈ રૂપારેલ, કમલેશભાઈ તન્ના દ્વારા સ્મૃતિચિન્હ તથા પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વ. જેન્તિભાઈ રામાણીની પુણ્યતિથિએ

ધ્રોલના લતીપુરમાં આગામી શનિવારે સંતવાણી અને મહાપ્રસાદનું ભવ્ય આયોજન

ધ્રોલ તા. ૮: ધ્રોલ તાલુકાના લતીપર ગામના પૂર્વ સરપંચ અને જાણીતા સામાજિક અગ્રણી સ્વ. જેન્તિભાઈ દામજીભાઈ રામાણી (ભગત) ગૌસેવા અને માનવતાના કાર્યોમાં હંમેશાં અગ્રેસર રહેતા અને 'જીવદયા ગૌસેવા સમાજ ટ્રસ્ટ-લતીપુર' ના ઉપપ્રમુખ તરીકે વર્ષો સુધી નિઃસ્વાર્થ યોગદાન આપનાર જેન્તિભાઈ ભગતની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તા. ૧૦-૧-૨૬ના વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવના ભાગરૂપે શનિવારે સાંજે ૫:૩૦ થી ૮ દરમ્યાન ધ્રોલ-ટંકારા હાઈવે પર સ્થિત શ્રી મનોકામના હનુમાનજી મંદિરમાં ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરાયું છે. ત્યાર બાદ રાત્રે ૮:૩૦ કલાકે લતીપુર સ્થિત શ્રી મહેતા લક્ષ્મીચંદ જેઠાભાઈ પરિવાર ગૌશાળામાં ભવ્ય સંતવાણી તથા ધૂનનો કાર્યક્રમ યોજાશે જે મોડી રાત્રે ૧ વાગ્યા સુધી ચાલશે. શ્રી જીવદયા ગૌસેવા સમાજ ટ્રસ્ટ તથા ગામની તમામ સહયોગી સંસ્થાઓ દ્વારા પૂર્વ સરપંચના સેવાકીય કાર્યને પુષ્પાંજલિ અર્પવા માટે આયોજિત આ કાર્યક્રમમાં તમામ ધર્મપ્રેમી જનતા, સામાજિક અગ્રણીઓ અને ગૌભક્તોને ઉપસ્થિત રહેવા ગણેશભાઈ મુંગરા અને આયોજક સમિતિ દ્વારા જણાવાયુ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના

આચાર્યોની ત્રિ-દિવસીય તાલીમ સંપન્ન

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

ખંભાળીયા તા. ૮: દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા દ્વારકા જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે ખંભાળીયામાં દ્વારકા જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોની ત્રણ દિવસની તાલીમ શિક્ષણ તાલીમ ભવનમાં યોજાઈ હતી. શાળા શિક્ષણના સંદર્ભમાં આયોજન, શિક્ષણની અવનવી પદ્ધતિઓ, હકારાત્મક ઉપચાર, બાળકોના સર્વાંગી વિકાસની વિવિધ પ્રયુક્તિઓ વગેરે મુદ્દાઓ બાબતે તજ્ઞો હાર્દિકભાઈ કવા તથા સાકરીયા દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં આચાર્ય સંઘ જિલ્લા પ્રમુખ વી.ડી. ગોજીયા વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

એસજીએફઆઈની અંડર-૧૯ સાયકલીંગ સ્પર્ધાઓમાં

મીઠાપુરની ડી.એ.વી. સ્કૂલના વિદ્યાર્થીએ ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવી ગૌરવ વધાર્યુ

જામનગર તા. ૮: તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા સુરતમાં યોજાયેલ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસ.જી.એફ.આઈ.)ની અન્ડર ૧૯ સ્પર્ધામાં દ્વારકા તાલુકાના મીઠાપુરસ્થિત ડી.એ.વી. શાળાના ધોરણ-૧૨ નો વિદ્યાર્થી ડેયા અકદાસ બબ્બે સ્પર્ધામાં મેડલીસ્ટ બન્યો હતો. એસ.જી.એફ. આઈ. આયોજિત રોડ ટ્રેક સાઈકલ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબર સાથે ગોલ્ડ મેડલ તેમજ રોડ સાઈકલ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં દ્વિતીય ક્રમે રહી સિલ્વર મેડલ હાંસિલ કર્યો હતો. રાજ્યકક્ષાની સાઈકલીંગ સ્પર્ધામાં એક સાથે બબ્બે મેડલની સિદ્ધિ હાંસિલ કરી ડેયા અકદાસે ડીએવી શાળા તેમજ સમગ્ર દ્વારકા ક્ષેત્રનું ગૌરવ રાજ્યકક્ષાએ વધાર્યું છે. તેમની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર તેમજ સમગ્ર પંચકમાંથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. ડેયા અકદાસ આવનારા સમયમાં ઓલ ઈન્ડિયા નેશનલ ગેઈમ્સમાં સાઈકલીંગ સ્પર્ધામાં ભાગ લેવા જનાર છે.

શિયાળાની ઋતુને અનુલક્ષીને

દ્વારકાના શિવગંગા ચેરી. ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ

દ્વારકા તા. ૮: દ્વારકાની જાણીતી સેવાકીય સંસ્થા શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દ્વારકા ક્ષેત્રમાં હાલમાં ચાલી રહેલ શિયાળાની ઋતુમાં ઠંડીનું પ્રમાણ વધ્યું હોય દ્વારકા ક્ષેત્રના જરૂરિયાતમંદ લોકોમાં ધાબળા વિતરણ કરવામાં આવી રહ્યું છે. શહેરમાં કોઈપણ જગ્યાએ જરૂરિયાતમંદ જણાય તો તેઓએ રાત્રિના ૯ થી ૧૧ દરમ્યાન ઈશ્વરભાઈ ઝાખરીયા (મો. ૯૮૨૪૨ ૪૪૮૩૦), હિરેનભાઈ ઝાખરીયા (મો. ૯૯૨૪૦ ૨૯૫૦૦)નો સંપર્ક કરવા જણાવાયું છે.

ખંભાળીયા: સેવાભાવીઓની જહેમતથી જાહેરમાં ગાયની સફળ પ્રસૂતિ

ખંભાળીયા તા. ૮: ખંભાળીયામાં બેઠક રોડ પાસે આનંદ કોલોની વિસ્તારમાં એક ગાય શેરીમાં વિંયાઈ જતા ગાયનું નાનુ વાછરડુ શાળાના પૂર્વ આચાર્ય જે.કે. જોશી તથા તેમના પુત્ર અને વકીલ મંડળના પ્રમુખ સંજયભાઈ જોશી દ્વારા આ ગાય તથા વાછરડાને એનિમલ કેરના દેસુરભાઈ ધમા સાથે સંકલન કરીને શક્તિનગર વિસ્તારમાં આવેલી ગૌશાળામાં પહોંચાડવા મોડી રાત્રે બાર વાગ્યે પણ દોડીને વ્યવસ્થા કરીને બંને મૂંગા જીવોના જીવ બચાવવાનું ઉમદા અને પ્રશંસનીય કાર્ય કર્યું હતું. માલિકીના ઢોરને પણ પ્રસૂતિની સ્થિતિમાં રખડતા છોડી દેવાતા ટીકાપાત્ર બન્યું છે.

નુરી મજલીસ

જામનગરના મરહુમા મેહરૂનબેન અબ્દુલ રઝાક કાશમાણી અને મરહુમા હાજીયાણી રસીદાબેન હાજી અબ્દુલકાદર કેબાવારાના સવાબ અર્થે તા. ૮-૧-૨૦૨૬ ના રાત્રે ૯.૧૫ થી ૯.૪૫ દરમિયાન મજલીસ નવી નુરી મજસ્જિદ, ફરાસવાડ, જામનગરમાં રાખેલ છે. જેમાં જામનગરના જાણીતા મૌલાના નુરી તકરીર ફરમાવશે.

ગિરનાર વન-પહાડીઓમાં ભ્રમણ શિબિર

જામનગર તા. ૮: યંગ સ્ટુડન્ટ્સ સર્વિસ કલબ ગુજરાત દ્વારા ગિરનારના વન-પહાડીઓમાં ભમણ શિબિર તા. ૨૫ અને ૨૬ દરમ્યાન યોજવામાં આવી છે. આ શિબિરમાં ૮ થી ૫૦ વર્ષ સુધીના લોકો ભાગ લઈ શકશે. અને ભાગ લેનારને પ્રમાણપત્ર આપવામાં આવશે. કેમ્પ દરમ્યાન પર્વતારોહણ, રિવર ક્રોસિંગ, રેપ્લીંગ, રાત્રિ ભમણ સહિતની પ્રવૃત્તિઓ કરવામાં આવશે. અરજી ફોર્મ માટે સાંજે ૬ થી રાત્રિના ૧૦ દરમ્યાન અરૂણ દવે, આનંદનગર, ખોડીયાર ચોક, નિલકંઠ સિનેમા પાસે, રાજકોટ-૨ નો સંપર્ક કરવો. કેમ્પની વિસ્તૃત વિગત મો. ૯૮૨૫૩ ૭૧૬૫૫ પરથી મેળવી શકાશે. તેમ સંયોજક હરીશ પટેલે જણાવ્યું છે.

સરકારી શાળાના ઉત્સાહી આચાર્યાનો નવતર અભિગમ:

દ્વારકાની કુરંગા પ્રાથમિક શાળામાં પીરસાતુ સરગવા આધારિત મધ્યાહ્ન ભોજન: અનોખી પહેલ

સરગવો બ્લડ સુગર નિયંત્રિત રાખવા અને કોલસ્ટ્રોલ ઘટાડવામાં પણ ઉપયોગી છે

દ્વારકા તા. ૮: દ્વારકાની કુરંગા પ્રાથમિક શાળામાં સરગવા આધારિત પૌષ્ટિક મધ્યાહન ભોજનની અનોખી પહેલ થઈ છે. બાળકોની સર્વાંગી વિકાસ માટે સરગવા સિંગ તથા પાનનો નવતર અભિગમ શાળાના ઉત્સાહી આચાર્યા બહેને અપનાવ્યો છે.

સારા આરોગ્ય અને સર્વાંગી વિકાસ માટે દૈનિક જીવનમાં લેવાતો સંતુલિત, યોગ્ય અને પૌષ્ટિક આહાર શરીરને જરૂરી ઊર્જા પૂર પાડી રોગપ્રતિકારક શક્તિ વધારતું પોષણ આપી માનસિક અને શારીરિક વિકાસને વેગ આપે છે. આજના ઝડપી અને બદલાતા જીવનપ્રવાહમાં પોષણનું મહત્ત્વ ઊંડાણપૂર્વક સમજવું અતિ આવશ્યક હોય બાળકોને નાની વયે યોગ્ય પોષણ માટે સરકારી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત દ્વારકાની કુરંગા પ્રાથમિક શાળામાં આપવામાં આવતાં મધ્યાહન ભોજનમાં આચાર્યા તન્વીબેન કાસુન્દ્રાના માર્ગદર્શનમાં બાળકોના આરોગ્ય અને પોષણમાં વિશેષ કાળજી રાખી ખાસ કરીને સરગવાની સિંગો તથા તેના પાનનો સમાવેશ કરવામાં આવે છે.

આ અંગે આચાર્યા તન્વીબેન કાસુન્દ્રાએ જણાવ્યું કે બાળકો દેશનું ભવિષ્ય હોય તેમની તંદુરસ્તી માટે અમારી શાળામાં મધ્યાહન ભોજનમાં સરગવાના સિંગો અને તેના પાનના ઉપયોગથી બાળકોને સ્વાભાવિક પોષણ પૂરું પાડવા નવતર પ્રયાસ કરીએ છીએ. આરોગ્ય માટે ઉત્તમ ગણાતા સરગવામાં વિટામીન સી, ફાઈબર, પોટેશીયમ અને કેલ્શીયમ જ પોષક તત્તે ભરપૂર માત્રામાં ઉપલબ્ધ છે. સરગવો પાચનતંત્રને મજબૂત બનાવી કબજીયાત અને ગેસની સમસ્યાઓથી બચાવે છે તેમજ બ્લડ સુગર નિયંત્રિત રાખવા અને કોલેસ્ટ્રોલ ઘટાડવામાં પણ સરગવો ઉપયોગી છે.

સરગવાના નિયમિત ઉપયોગથી શારીરિક કમજોરી દૂર થાય છે અને હાડકા મજબૂત અને સશકત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કુરંગા શાળામાં આ નવતર અભિગમથી પૌષ્ટિક આહારની માહિતી બાળકોના પરિવારો સુધી પણોંચે છે જેના કારણે પરિવારોમાં પણ સરગવાને આહારમાં અપનાવવા પ્રેરણા મળે છે.

સ્વ. વિનોદરાય કાંતિલાલ લાખાણી
સ્વ.તા.૩૦-૧૨-૨૦૨૫

હાર્દિક શ્રદ્ધાંજલિ

''વરસો સુધી સાથે રહ્યાં છતાં,
પળની ખબર નથી,
અસ્તિત્વના દરિયા તને,
તળના ઊંડાણની ખબર નથી''

સાગર માર્કેટ શોપ હોલ્ડર એસોસિએશન
પોટરીવાળી ગલી,
કે.વી. રોડ, જામનગર